R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 18 •ISSUE: 09 DATE: 01-03-2014 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-


આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## નેશનલ કાઉન્સીલ ઓફ ચર્ચીસના પ્રેસિડેન્ડે ગુજરાતના વિકાસ મોડલની તરફેણ કરી.



પ્રેસિડેન્ટ, નેશનલ કાઉન્સીલ ઓફ ચર્ચીસ ઈન ઈન્ડીયાના બિશ તરાન્થ એસ સાગરે ભાજપના વડા પ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના ગુજરાત વિકાસ મોડલને વખાણ્યું હતું.તેઓ ભારત ભરમાં આવેલ ૩૦ જેટલા ચર્ચોના વડા છે. તેઓ એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા આ બાબત જણાવી હતી.

તેમણે કહ્યું હતું કે નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકેની બાગડોર સંભાળ્યા બાદ વિકાસનુ રુખ બદલી નાંખ્યું હતું.અમો ઘણા બધા ચર્ચોનું પ્રતિનિધિત્વ કરીએ છીએ,તેથી કોઈ બાબતે હુ યોગ્ય રીતે કહી ના પણ શકું પરંતુ મારી લાગણીએવી છે કે જો નરેન્દ્ર મોદી દેશના વડા પ્રધાન તરીકે ચુંટાય તો તેઓ કટ્ટરવાદી હિન્દુત્વના એજન્ડાને મુકી દેશે.તેઓ નીચલી જાતિઓ કે લઘુમતીઓને કચડશે નહી.જો કે મોદી સેક્યુલર એજન્ડાને અપનાવે તો તેથી બીજેપી અને આરએસએસનો ધાર્મિક એજન્ડા બદલાઈ જતો નથી.તેમણે ભુતપુર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈને ટાંકતા જણાવ્યું હતું કે તેમણે ગુજરાતમાં થયેલ કોમી રમખાણોને અધાર્મિક ગણાવ્યા હતા અને રાજધર્મનું પાલન કરવાની શીખ આપી હતી.કર્ણાટકમાં બીજેપીએ કોગ્રેસ કરતાં પણ સારો દેખાવ કર્યો છે.

તેઓ દલિતોના ઉત્કર્ષ માટેની પોલીસીઓ બાબતે જણાવ્યું હતું કે ખ્રિસ્તીઓને ખરેખર લઘુમતીઓ તરીકે ભારતમાં સ્વીકારવામાં આવ્યા જ નથી.દેશના ખ્રિસ્તીઓ પૈકીના અડધાથી વધુ કેથોલીક ખ્રિસ્તીઓ નથી.તેથી દેશના વિકાસમાં પ્રોટેસ્ટંટ ખ્રિસ્તીઓનો સમાવેશ કરવો જોઈએ.અમો એવું ઈચ્છીએ છીએ કે પ્રોટેસ્ટંટ ખ્રિસ્તીઓ પૈકીના લોકો વધુને વધુ રાજ્યના વિકાસમાં ભાગીદાર બને.

નેશનલ કાઉન્સીલ ઓફ ચર્ચીસ ઈન ઈન્ડીયા, સાઉથ એશીયામાં જીઓ પોલીટીકલ ઈસ્યુ પર ચર્ચા કરવા માટે જઈ રહ્યું છે.આ ચર્ચામાં તમામ પ્રોટેસ્ટંટ અને ઓર્થોડોક્સ ખ્રિસ્તીઓનો સમાવેશ કરવામાં આવશે.જેમાં ૩૦ મેમ્બર ચર્ચીસ,૧૭ રીજીનલ ક્રિશ્ચિયન કાઉન્સીલ્સ,૧૭ ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન ઓરગેનાઈઝેશન, અને ૭ અન્ય આ સાથે સંકળાયેલ એજન્સીઓ આ ચર્ચામાં જોડાશે.આ ઈકુમીનીઝમનો મોટો ગ્રેટર ક્રિશ્ચિયન યુનીટી અને સહકાર પર આધારિત છે.આ ચર્ચાની ઉજવણી દેશમાં નવેમ્ભર સુધી ચાલશે. જેમાં નેશનલ અને ઈન્ટરનેશનલ સેમીનારોનું આયોજન કરવામાં આવશે.આ સેમીનારો એઝવાલ,હૈદ્રાબાદ અને મુંબઈ ખાતે મળશે.મિશનરીઓ વિવિધ સંસ્થાઓ અને સોસાયટીમાંથી કોલક્તા ખાતે ૧૮૫૫માં એકત્રીત થયા હતા.જે એક પ્રથમ પ્રોવીશનલ કોન્ફરન્સ હતી જેમાં કોમન વર્ક બાબતેના પ્રશ્નો બાબતે વિચારણા થઈ હતી.આ ઉદાહરણ દ્વારા દેશના અનેક ભાગોમાં તેવું આયોજન કરવામાં આવ્યુ હતું. કેટલીક નેશનલ અને સ્થાનિક કોન્ફરન્સ આ બાદ છેલ્લા કેટલાક દાયકાઓમાં મળી જેને નેશનલ મિશનરી કાઉન્સીલ અને તેની સ્થાનિક શાખાઓનો પાયો નાંખ્યો હતો.

## ૮૪ વર્ષના સાધ્વીને કાયદાભંગ માટે ત્રણ વર્ષની સજા કરવામાં આવી



સીસ્ટર મીગન રાઈસ અને બીજી બે વ્યક્તિઓ સાથે કે જેઓ એન્ટી ન્યુકલીયર એક્ટીવીસ્ટ છે તેઓ જુલાઈ ૨૦૧૨માં કાયદાનો ભંગ કરીને ફેડરલ કોમ્પલેક્ષમાં ઘુસી ગયા હતા. જયા સમૃધ્ધ યુરેનીયમ રાખવામાં આવે છે.આ વિસ્તાર પ્રતિબંધિત વિસ્તાર છે જેથી કોઈપણ ત્રાહિત વ્યક્તિ તેમાં પ્રવેશાપાત્ર નથી. અને પ્રવેશ કરવો ગુન્હો બને છે.

રાઈસે ફેડરલ જજને કેસ ચાલતો હતો ત્યારે જણાવ્યું હતું કે મારા પર કોઈ દયા ખાવાની જરુરીયાત નથી.મને જીવનપર્યંત જેલવાસમાં રાખવામાં આવશે તો તે મારે માટે ખુબજ માનનીય ગણાશે.યુ.એસ. ડીસ્ટીક જજ અમુલ થાપરે ક્નોક્સવિલે ખાતેથી જણાવ્યું હતું કે તેમનો સજા કરવાનો હેતુ માત્ર અન્યોને તેમ કરતાં રોકવાનો છે.લોકો કાયદાને માન આપે તે જરુરી છે.

બીજા ત્રણ લોકો કસ્ટડીમાં ગત મે માસથી છે.તેમને ન્યાયાધીશે વાય-૧૨ નેશનલ સીક્યુરીટી કોમ્પલેક્ષ, ઓક રીડ્સમાં ક્ષતિ પહોચાડવાના આરોપસર ગુનેગાર ઠેરવ્યા હતા.અને આ ગુન્હા સર તેમને ૨૦ વર્ષની સજા કરવામાં આવી હતી.તેમને સજાના ત્રણ વર્ષ દરમિયાન દેખરેખ હેઠળ રાખવામાં આવશે.ત્યાર બાદ આગળની સજામાં વિચારણા કરવામાં આવશે. આકસ્મિક બરફવર્ષાને કારણે તેમની સજાના ટાઈમમાં ફેરફાર થયો હતો.જે જાન્યુઆરી ૨૮થી શરુ થનાર હતો.ફેડરલ જજે આ ત્રણ વ્યક્તિઓને ૫૩૦૦૦ ડોલરનો દંડ પણ થયેલ નુકસાન માટે કર્યો હતો.ધ ટીનીસ્સી ફેસીલીટી ને ફોર્ટ ક્નોક્સ ઓફ યુરેનીયમ તરીકે પણ ઓળખવામાં આવે છે.આ વસ્તુમ એટોમીક બોંબના વિકાસ માટે વપરાય છે.આજે મટીરીયલ છે તે જે બોંબમાં વપરાય છે તેવો જ બોંબ હીરોશીમા પર ૧૯૪૫માં ફેકવામાં આવ્યો હતો.

આ વિરોધીઓ ટ્રાન્સફોર્મ નાઉ પ્લોશેરના ઈન્ટરફેઈથ ગ્રુપના સભ્યો છે જેઓ ન્યુકલીયર વેપન્સનો વિરોધ કરે છે.અને અહિંસાનો પ્રચાર કરે છે.રાઈસ, સીસ્ટર્સ ઓફ ધ હોલી ચાઈલ્ડ જીસસ સંસ્થાના છે.ગ્રેગ બોઈર્ટજી ઓબેદ ૫૮,માઈકલ વલી ૬૪ ભેગા મળીને વાયર કટરથી ટીનીસ્સીના વાડને અનેક જગ્યાઓથી કાપી નાખી હતી.બોઈર્ટજી અને વલી બેઉને ૬૨ માસની સજા કરવામાં આવી છે.

## અણ્ણા હજારેએ મમતા બેનર્જીની ચુંટણીમાં તરફેણ કરી

દેશમાં લોકસભાની આવનાર ચુંટણીઓમાં અણ્ણા હજારેએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તુણમુણ કોગ્રેસના નેતા મમતા બેનર્જીની તરફેણ કરી હતી.તેમણે જણાવ્યું હતું કે આવનાર ચુંટણીઓમાં તેઓ મમતાને સાથ આપશે. દેશમાં વડાપ્રધાન પદનો લાયક તેણી એકમાત્ર વ્યક્તિ છે. તેઓ સાદાઈથી તેમના રાજ્યનો વહીવટ ચલાવે છે. અને તેમના શાસનથી તેઓ અંજાયા છે.તેમનો બીજા બધા પક્ષોની તુલનામાં મમતા યોગ્ય વ્યક્તિ તરીકે પસંદ આવ્યા છે.દેશભરમાં તેઓ મમતાની તરફેણમાં પ્રચાર કરશે.

અરવિંદ કેજરીવાલ તેમનાથી છુટા પડ્યા પછી તેમણે સ્થાપેલ પક્ષને સફળતા મળી હતી.તેથી એવું લાગતું હતું કે કદાચ તેઓ તેમની



તરફેણ કરે.પરંતુ તેમણે કેજરીવાલને પોતાના સાથી તરીકે સ્વીકાર્યા નથી. અને મમતાજીને તેમનો ટેકો જાહેર કરી દીધો છે.કેજરીવાલે અણ્ણાને સમજાવવા અનેક પ્રયત્નો કર્યા પરંતુ તેમાં તેમની કારી ફાવી નથી.તેથી કેજરીવાલની પાર્ટી કેવા અને કેટલા ઉમેદવારો ઉભા રાખશે તે ધીમે ધીમે બહાર આવશે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દેશમાં આવનારી લોકસભાની ચુંટણીઓમાં દિવસે દિવસે નવી નવી બાબતો સામે આવી રહી છે. જેવુ દશ્ય પહેલા દેખાતુ હતું તેના બદલે હવે ચિંત્ર ધુંધળું બનતું દેખાય છે. બીજેપીના વડા પ્રધાનપદના ઉમેદવાર માટે પહેલા એવુ ભાસતું હતું કે તેમને મેદાનમાં કોઈ પરાસ્ત કરી શકશે નહી.પરંતુ સમયના વહેણે તેમને ચિંતા કરતા કરી મુક્યા છે.લગભગ મોટાભાગના લોકોએ ઈલેક્ટ્રોનીક માધ્યમનો ભરપુર ઉપયોગ કરવા માંડ્યો છે.દેશના તમામ મતદારોને આકર્ષવા માટે આ માધ્યમનો પુરેપુરો ઉપયોગ થઈ રહ્યો છે.પરંતુ દેશના વધુ મતદારો ગામડાંમા રહે છે. તેમને રીઝવવાના છે.જો કે એક વાત ચોક્કસ છે કે શહેરી યુવાનો અને ગામડાના યુવાનો માટે ઈલેકટ્રોનીક્સ મીડીયા વધુ ઉપયોગી બની શકશે. દેશનો મોટો મતદાર વર્ગ યુવાનોનો છે. બધા જ પક્ષ તરફથી આ યુવાનોને પોતાની તરફ આર્કષવા માટે વિવિધ પ્રકારના પ્રયોગો થઈ રહ્યા છે.

ભુતકાળમાં યુ.પી.માં અખિલેશ યાદવની સરકારે યુવાઓને લેપટોપ આપ્યા હતા. તેથી પાછળ તેમન મનશા લોકસભાની ચુંટણીમાં યુવા મતદારોને આર્કષવાની જ હતી.પરંતુ હાલમાં આ ક્ષેત્રમાં ભારતીય જનતા પાર્ટી અને નરેદ્ર મોદીની ટીમ સહુથી મોખરે કાર્ય કરી રહી છે.જો કે તેમની સફળતા તો મતપેટીઓ કેવી અને કેટલી તેમની તરફેણમાં છલકાય છે તે પછી જ ખબર પડશે.ગુજરાતમાં વિકાસ થયો છે પરંતુ તેમાં લાભ અમુક ટકા લોકોને મળ્યો છે. શહેરોનો વિકાસ દેખાય તેવો છે.પરંતુ ગામડાઓમાં તેની અસરો ઓછી છે.દિવસે દિવસે ચુંટણીનું વાતાવરણમાં વિવિધતાઓ જોવા મળવાની છે.કેટલાક ત્રીજા મોરચાના અગ્રણીઓ કેવું પ્રદાન કરે છે અને ચુંટણીમાં તેઓ કેટલો ફેરફાર લાવવા માટે પોતાની સક્ષમતા નો ઉપયોગ કરી શકશે તે સમય બતાવશે. હાલમા તો ભારતીય જનતા પાર્ટી સત્તા મેળવવાના કાર્યમા તનતોડ મહેનત કરી રહી છે.તેમના ભાગ્યમાં સત્તા લખાઈ છે કે નહી તે તો પરિણામો બાદજ નક્કી કરી શકાશે.

અનુ. પાન નં. ૩ ઉપર ચાલુ

છે. જે આપણને કશું જ કરી શકે એમ ન હોય એની સાથે સંધિ કેવી ?સંધિ એ રાજનીતીનો એક ભાગ છે.એમાં તો લાભાલાભનો જ વિચાર કરવો પડે છે. જીવનમાં ક્યારેક આપણે જેને દુશ્મન માનતા હોઈએ એવો માણસ પણ આપણા પર ઉપકાર કરતો હોય છે. ઉપકાર કરનાર શત્રુની સાથે સંધિ કરવી જોઈએ.તેના બે લક્ષણ જાણવા જોઈએ,ઉપકાર અને અપકાર, આપણે કહીએ છીએ કે કોઈ વેંત નમે તો આપણે હાથ નમવું જોઈએ. એમાં જ આપણી માનવતા રહેલી છે. જો શત્રુ આપણા હિતનાં વિચાર કરતો હોય તે એની સાથે સમાધાન કરવુ એ યોગ્ય જ ગણાય છે. જો બે રાજાઓ સમાધાન કરે અથવા બે રાષ્ટ્રો સંધિ કરે તો એનુ પાલન કોણે કરવાનુ ?જે તે રાષ્ટ્ર અને તેની પ્રજાએ. સંધિ જો પ્રજાના હ્યદય સુધી પહોંચે નહીં તો એનો અર્થ સરતો નથી.

ડૉ.કિશોરસિંહ સોલંકી (સૌ. સંદેશ)



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**વડોદરા ખાતે લવાજમ માટે સંપર્ક કરો**

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની એપાર્ટ,દલાલસ્ટ્રીટ, ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઈપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# ખ્રિસ્તી મિશનરીઓએ આ દેશમાં શિક્ષણ અને આરોગ્ય માટે સૌથી મોટુ યોગદાન આપ્યુ છે- દલાઇ લામા



શિલોંગ,મેઘાલય ખાતે ફેબ્રુઆરી ૫ના રોજ ઈન્ટરફેઈથની યોજાયેલ એક મીટીંગમાં હીઝ હોલીનેશ દલાઈ લામાએ કહ્યું હતું કે આ દેશમાં ખ્રિસ્તી મિશનરીઓએ શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે સહુથી મોટું યોગદાન આપ્યું છે જેનો જોટો જડે તેમ નથી.દલાઈ લામા તિબેટીયન લોકોના ધર્મગુરુ છે.ખ્રિસ્તી મિશનરીઓએ દેશના અંતરિયાળ અને છેવાડાના વિસ્તારોમાં અતિ ગરીબ લોકો મધ્યે પોતાનું કાર્ય કર્યુ છે.યુ સોસો થાન ઓડીટોરીયમ ઓફ માર્ટિન લ્યુથર ક્રિશ્ચિયન યુની.ખાતે યોજાયેલ સર્વધર્મ શિબિરમાં તેઓએ આ બાબતે જણાવ્યું હતું.આ શિબિરમાં ૧૩ વિવિધ ધર્મોના હજારો લોકો જોડાયા હતા.તેમણે વધુમાં કહ્યુ હતું કે ખ્રિસ્તી સાધ્વીઓ ધ્વારા કરવામાં આવેલ કુરબાનીની હું પ્રશંસા કરુ છું કારણકે તેઓ સુખી જીવન ત્યજીને કોઈપણ જાતની સગવડો વગરની પછાત વિસ્તારોમાં કાર્ય કરે છે.જે બુધ્ધિષ્ઠ સાધુઓ ભુતકાળમાં કરતા હતા.દલાઈ લામા આ રાજ્યની ત્રણ દિવસની મુલાકાતે આવ્યા હતા.તેમણે કહ્યું હતું કે ધર્મોની અલગ અલગ ફીલોસોફી હોઈ શકે છે.પરંતુ તેમનો આખરી પડાવ તો માત્ર પ્રેમ છે અને કોઈપણ જાતનો રાગદ્વેષ કે ઝગડો નથી.ભારતનું બંધારણ પર બિનસાંપ્રદાયિકતામાં માને છે.અને તેમાં તમામ ધર્મો પ્રત્યે માન દર્શાવવામાં આવ્યું છે.ભ્રષ્ટાચાર એ તાજેતરના સમયનું કેન્સર છે.હાલમાં જે શિક્ષણ અપાઈ રહ્યું છે તેમાં અહીંસાનો ખરો અર્થ બાલમંદિરથી યુની.સુધી શીખવાડવો જોઈએ. જીવનમાં નૈતિક મુલ્યો શીખવવા જોઈએ જેથી ચોખ્ખો અને સારો સમાજ મળી શકે.હાલનું શિક્ષણ લોકોમાં ભાગલા પાડી રહ્યું છે.ભુતકાળમાં માર્ટિન લ્યુથર ક્રિશ્ચિયન કોલેજમાં ગ્રેજ્યુએશનના વિદ્યાર્થીઓને સંબોધવા માટે દલાઈ લામાને આમંત્રણ આપવામાં આવ્યું હતું.ત્યારે તેમને માનદ ડોકટરેટ ઈન ફીલોસોફી બાય ક્રિશ્ચિયન કોલેજ તરફથી આપવામાં આવ્યું હતું.

## જાણવા જેવું !

ગોકળગાય સતત ત્રણ વર્ષ સુધી ઉંઘી શકે છે.
ડુક્કર ક્યારેય આકાશ તરફ નથી જોઈ શકતા.
સાપની રોગપ્રતિકારક શક્તિ તેના ઝેરમાં રહેલી હોય છે.
નવું જન્મેલું કાંગારુનું બચ્ચું માત્ર એક ઈંચ લાંબુ હોય છે.
સોનેરી બાટણ નામનું પક્ષી એક જ ઉડાણમાં ૪૦૦૦ કી.મી. અંતર કાપી શકે છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
**નીલા સી.ગામડીયા**
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



## સીરીયામાં ખ્રિસ્તીઓને ઇસ્લામીક આતંકવાદીઓ દ્વારા નિશાન બનાવાય છે.: ખ્રિસ્તી નેતાઓનો આક્રોશ

સીરીયન ખ્રિસ્તીઓના નેતાઓ વોશિંગ્ટન ડી.સી.ના ગત સપ્તાહે લીધેલ મુલાકાત સમયે જણાવ્યું હતું કે સીરીયામાં ઈસ્લામીક આતંકીઓ દ્વારા ખ્રિસ્તીઓને નિશાન બનાવાઈ રહ્યા છે.બાર્નાબાસ ફંડ અને વેસ્ટમીનીસ્ટર ઈન્સ્ટીટ્યુટ ઈન યુએસ દ્વારા આ મુલાકાત સ્પોન્સર કરવામાં આવી હતી.આ મુલાકાત દરમિયાન તેઓ એક ચર્ચામાં ભાગ લેવાના હતા. હેરીટેજ ફાઉન્ડેશન દ્વારા,યોજાયેલ ચર્ચામાં મુખ્ય મુદ્દાલેખ ડીસ્ટ્રકશન ,ધ પ્લાઈટ ઓફ સીરીયાઝ ક્રિશ્ચિયન હતો. ૨૦૧૩માં સીરીયામાં ૧૨૦૦ ખ્રિસ્તીઓની બહેરમીથી હત્યા કરવામાં આવી હતી, તે બાબતે ચર્ચાયું હતું.૬ લાખ ખ્રિસ્તીઓ સીરીયા છોડી ગયા હતા. હજુ ઘણા બધા ખ્રિસ્તીઓ સીરીયામાં છે.પરંતુ તેઓ હિંસાના ઓથાર નીચે જીવી રહ્યા છે.તેમજ અન્ય લોકો ની જેમ પુષ્કળ મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા છે.,સીરીયામાં ચાલી રહેલ લડાઈમાં ૩૦ થી ૪૦ ટકા ચર્ચોનો સફાયો થઈ ગયો છે તેવું બાર્નાબાસ ફંડે જણાવ્યું હતું.

## ચીનમાં ખ્રિસ્તીઓની સતાવણી વધી રહી છે : રીપોર્ટ



ચાઈનીઝ હ્યુમન રાઈટસ ઓરગેનાઈઝેશન દ્વારા જારી કરવામાં આવેલ રીપોર્ટ મુજબ ચીનમાં ખ્રિસ્તીઓની સતાવણીમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.ઉપરોક્ત ફોટા મુજબ કેટલાક ખ્રિસ્તીઓ ઈસ્ટર સર્વીસ દરમિયાન નાનતાંગ ચર્ચ,બેઈજીંગ ચાઈના ખાતે પ્રાર્થના કરી રહ્યા છે. ૨૦૧૩માં ચાઈના એઈડ્સ પર્સીક્યુશન રીપોર્ટમાં આ બાબતે પ્રકાશ પાડવામાં આવ્યો હતો.ખ્રિસ્તીઓની સરકાર તરફથી કરવામાં આવતી સતાવણી ૨૦૧૨-૨૦૧૩માં ૩૮.૮૨ ટકાનો વધારો સુચવે છે.જેટલા સતાવણીના કેસો નોધવામાં આવ્યા છે તેમાં લોકોની સતાવણી,લોકોની ધરપકડ,લોકોને કરવામાં આવેલ સજા,અને લોકોને કરવામાં આવેલ પજવણીનો સમાવેશ થાય છે.

નાટ્યાત્મક કુદકો ૨૦૧૨ બાદ આવ્યો.૪૯૧૯ સતાવણીના કેસો બન્યા હતા તેમાં ૨૦૧૩ માં તે આંકડો ૭૪૨૪નો થઈ ગયો એટલે કે ૫૦.૯ ટકાનો વધારો એક વર્ષ બાદ નોધાયો હતો.પજવણીના કેસોમાં થોડોક અંક ઘટ્યો જે ૨૦૧૨ કરતાં ૪૨.૯ ટકાનો ધટાડો સુચવે છે.હાઉસ ચર્ચોની સતાવણીમાં તેમને રાજ્યના ત્રણ મોટા સેલ્ફ ચર્ચોમાં જોડાવાનો હુકમ કરવામાં આવ્યો છે.અને તેમ ના કરો તો તેમની પર પ્રતિબંધ રહેશે.જેથી તેઓ પ્રાર્થના કરવા કોઈ ગ્રુપમાં એકઠા મળી શકશે નહી.હાઉસ ચર્ચોની મીટીંગ પર દરોડા પાડવા,આડેધડ ધરપકડો કરવી, અમાનુષી અત્યાચાર ગુજરાવો,માર મારવો અને કેટલાક કેસોમાં જેલવાસ ચાલુ રહેશે.આમ ચીનમાં હાઉસ ચર્ચો પર પ્રતિબંધ અને સતાવણી ચાલુ છે.ખ્રિસ્તીઓની સતાવણીનો દોર સરકાર દ્વારા રીપોર્ટ પ્રમાણે સરેરાશ વધતો રહ્યો છે.

## પ્રગતિ કરવા માટે બાંધછોડ કરવી પડે,જેને સમાધાન કહેવાય

જીવનમાં સમાધાન કરીને જીવવુ પડે છે.જેને સમાધાન કરતાં આવડતુ નથી તે ફેંકાઈ જાય છે.એમાં આપણી જે માન્યતા હોય,તે બીજાઓને અનુકુળ ન પણ આવે, તેથી તે સ્વીકારી શકે નહી.એવુજ આપણા પક્ષે પણ થાય. તો સામસામે સમાધાન કરી લેવુ પડે, જો એમ ન થાય તો તે લાંબુ ટકે નહી.આ સામાન્ય બાબત છે.જેને સમાધાન કરતાં આવડે તે જીતે.સમાધાનથી શાંતિ આવે છે.જ્યારે આપણાં દેશમાં રજવાડાં હતાં ત્યારે સંધિની પ્રક્રિયા સતત ચાલ્યા કરતી,એમાં વિશ્વાસઘાત,પ્રપંચવિદ્યા, ખોટાં કારસ્તાન,લડાઈ-ઝગડા કરાવવાની વ્યુહરચના,વળી પાછુ સુલેહ-શાંતિ કરાવવાની મથામણ આ બધીજ રાજકીય આંટીઘુટીઓ ચાલ્યા કરતી. એમાં એક રાજા બીજા રાજા સાથે સમાધાન કરે,સંધિ કરાર થતાં એમ આજે વિશ્વના દેશો એકબીજા સાથે કોઈ ને કોઈ પ્રકારની સંધિ કરે. એ માટે એક દેશ બીજા દેશમાં પોતાના એલચી રાખે છે.બીજા દેશો સાથે સલાહ સુચનો માટે કોઈ પ્રશ્નો ઉભા થાય તો એનુ સમાધાન કરાવવાના પ્રયત્નો કરાતા હોય છે.સંધિ થયા પછી બંને પક્ષ એની સમયમર્યાદામાં રહીને, એનુ પાલન કરવા માટે બંધાયેલો હોય છે. જો એમ ન કરે તો સંધિભંગ ગણાય છે.

સંધિ એટલે જોડાવુ તે, સંયોગ (૨)સાંધો, સાંધાની જગ્યા (૩)સુલેહ, તહ(૪)અણીનો વખત (૫)બે યુગ કે વિશિષ્ઠ સમયો વચ્ચેનો સમય (૬)બે વર્ણો સાથે આવવાથી થતો ફેરફાર કે જોડાણ(વ્યા)(૭)નાટકનો સાંધો કે વિભાગ (૮)ચોરે ભીંતમાં પાડેલુ બાકું વગેરે અર્થ થાય છે. આ અર્થોની દર્ષ્ટિએ જોઈએ તો સંધિ એના જુદા જુદા કાર્યો સાથે સંકળાયેલી બાબત છે.

આપણે સંધિકાળ એવુ કહીએ છીએ. એ કાળગણનાનો એક ભાગ ચે. એ યુગ વચ્ચેનો સમય,યુગનો બારમો ભાગ છે.એમાં એકનો અંત અને બીજાની શરુઆત થાય, તે સમય સંધિકાળ કહેવાય છે.એક પરિસ્થિતિમાંથી બીજી પરિસ્થિતિમાં પ્રવેશવાનો સમય. આ સમયને સાચવવાનો હોય છે.એની પુજા અર્ચના કરવામાં આવે છે.આ વાત સમયની થઈ. એવી જ રી તે જીવનમાં પણ કેટલોક સંયોગ એવો ઉભો થાય કે જેથી તમારે સંધિ કરવી પડે.જે માણસ અણીનો સમય સાચવી જાણે છે એ જીવી જાણે છે.એનાથી આગળ વધીને કહી શકાય કે જે સમયની સાથે સંધિ કરી શકે છે, એ પ્રગતિ કરી શકે છે.ક્યારેક આપણને સંધિ ગમતી હોય કે ન ગમતી હોય,જો એ વિશાળ હિતમાં હોય તો કરવી જોઈએ.માત્ર આપણા સ્વાર્થ ખાતર જો એ ન કરાય તો એનાં પરિણામ બીજાઓને ભોગવવાં પડતાં હોય છે.આપણે કોઈ વસ્તુ તુટી જા. તો એને રેણ કરીએ છીએ, સાંધીએ છીએ. હ્યદયમાં તકલીફ થાય તો ઓપરેશન કરાવીને ધમનીઓને ગતિમાં લાવીએ છીએ.આપણને ખબર છે કે આ સાંધો લાંબો સમય ટકવાનો નથી, એને સાચવીને કાળજીપુર્વક રાખીએ છીએ. એવું જ સંધિનુ પણ છે.સંધિ થયા પછી એને નિષ્ઠાપુર્વક વળગી રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ.

કોઈ મહાન કાર્યો કરવા માટે શત્રુઓ સાથે પણ સંધિ કરવી જોઈએ. આપણે જો શત્રુતાની દાઝમાં જ રહીએ તો કાર્ય બગડી જાય છે.સમાજના કે માનવજાતના હિતમાં જો હોય તો સમાધાન કરવુ એ માણસની મહાનતા ગણાય છે. દેશના હિતમાં પણ ક્યારેક બાંધછોડ કરવી પડે તો કરાય. એમાં આપણો અહંમ ઓગાળવો પડે. આપણા અહંમથી જો રાષ્ટ્રને નુકશાન થતુ હોય તો આપણે દેશદ્રોહી જ કહેવાઈને ?સજ્જન માણસ તો એ છે કે જે બીજાના ભલાનો વિચાર કરે.જે રાજકારણી છે એ પેલા વાંદરાની વાર્તા જેવા હોય છે. બે બિલાડીની લડાઈમાં પોતાને મલાઈ મળે એની ફિરાકમાં રહેતા હોય છે.જો કોઈ પ્રશ્નની મડાગાંઠ પડી હોય તો એને ઉકેલવાના બદલે વધારે ગુંચવવામાં એમને અસુરી આનંદ આવતો હોય છે.પોલિસને કહે કે તુ પકડ અને ચોરને કહે કે તું નાસી જા.આવા લોકો સંધિને નામે પોતાનો રોટલો શેકતા હોય છે.જો સરળતાથી બે પક્ષો વચ્ચે સમાધાન થઈ જાય તો એવા લોકોનો ભાવ કોણ પુછે ?જુના સમયમાં રાજાઓ વચ્ચે સંધિ કરાવનારાઓ એવી જ ભુમિકા ભજવતા.બંને પક્ષો એમને પોતાના જ માનતા હોય છે.પણ એ સંધિ કરાવનાર ક્યારેય કોઈનો હોતો નથી. આજે આપણી જ્ઞાતિઓના સમાજોમાં પણ જોઈએ છીએ કે સમાજના આગેવાનો કોઈને લડાઈ-ટંટો હોય તો વચ્ચે પડીને સંધિ કરાવવાનો પ્રયત્ન કરતાં હોય છે.એમાં બંને પક્ષે સમાધાનના પ્રયાસો થાય છે.પણ એમાં વચેટીયા હોય તે પોતાનો જ વિચાર કરતાં હોય છે.

સંધિ કયાં સુધી ટકતી હોય છે.નેપોલીયને કહ્યુ છે 'સંધિઓનુ પાલન ત્યાં સુધી જ કરાય છે, જ્યાં સુધી એમના હિતોની યોગ્યતા સચવાય છે 'પોતાના હિતો સચવાઈ રહે ત્યાં સુધી સંધિ એમના માટે સારી ગણાય છે.જ્યારે એમનાં હિતો ટકરાય ત્યારે સંધિનો અંત આવે છે. ફરીથી એની એ જ લડાઈઓ, ઝગડાઓ,મારામારી અને કાપાકાપી શરુ થઈ જાય છે. ક્યારેક તો આ પ્રકારની સંધિઓ માત્ર કાગળ ઉપર જ રહેતી હોય છે.એમાંય જો સામેવાળો દુબળો હોય, ગરીબ હોય, તો એની સાથે સંધિ કરવાનો પ્રશ્ન જ રહેતો નથી. એ પોતાનો શત્રુ હોય તેથી શું થઈ ગયું ?આપણે કહીએ છીએ કે નબળો ઘણી બૈરી પર શુરો હોય છે. એના પણ લોકો સમાજમાં હોય છે, પણ પોતાનો પડોશી સામાન્ય કક્ષાનો હોય તો એને આપણે સતત દબાવ્યા જ કરીએ છીએ. એની પરિસ્થિતિનો ગેરલાભ લેતાં આપણે અચકાતાં નથી.સામાન્ય માણસ પોતાની નબળાઈઓના કારણે બોલતો ના હોય એની સાથે કોઈપણ વાતનુ સમાધાન શા કામનુ ? એવા લોકોનુ તો સતત શોષણ થતું આવે છે. એવો જ કોઈ દેશ હોય કે, આપણા સમાજનો કોઈ વર્ગ હોય. એને તો સતત કચડાતા જ રહેવું પડે છે.સંધિ કોની સાથે થાય ?જેની આપણને ભીતી હોય,જેનો ભય હોય,એની સાથે સંધિ કરવાની હોય

અનુ. પાન નં. ૨ ઉપર


### જાહેર ખબર તથા લવાજમના એજન્ટ

**શ્રી આર.એન.રાજગુરુ**
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

**શ્રી ભુપેન પરમાર,**
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

**શ્રી પિયુષભાઈ એ. પટેલ,**
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨



### ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# માફિયા ડોન પપ્પુ યાદવની આત્મકથા : કેટલું સત્ય

એક એવા માણસની કથા જેમાં ઠાંસી ઠાંસીને ક્રાઇમ ભર્યું છે.લવ પણ ફિલ્મને ટક્કર મારે તેવો છે.અને અધુરામાં પુરુ દેશનું ટોપ ક્લાસ રાજકારણ પણ છે.જે માણસ મોતથી ડરતો નથી અને કોઇને મારી નાંખતા અચકાતો નથી,એવા પપ્પુ યાદવે આત્મકથા લખી છે.આ સેન્સેશનલ ઓટોબાયોગ્રાફી નું નામ છે. દ્રોહકાલકા પથિક. છે ને અગ્નિપથને આટે તેવું અને માફિયાને છાજે તેવું નામ ! દિલ્હીમાં આ આત્મકથાનું વિમોચન થયું.આ પુસ્તક પ્રકાશિત થયું તે સાથે જ વિવાદ પણ શરુ થઇ ગયો.કારણકે પપ્પુ યાદવે અનેક રાજકારણીઓના ચહેરા ઉપરથી મહોરા ઉતારી લીધા છે.

પપ્પુ યાદવે આત્મકથામાં લખ્યું છે કે રાજકારણમાં કોઇ પક્ષ દુધે ધોયેલો નથી.જરુર પડે ત્યારે રાજકારણીઓ સાટા-દોઢા કરવાનું બાકી રાખતા નથી.વિશ્વાસનો મત મેળવવાનો હોય ત્યારે સંસદસભ્યોનું રીતસર ખરીદ-વેચાણ થાય છે.અને સંસદસભ્યોના ભાવ બોલાય છે.૨૦૦૮માં યુપીએએ વિશ્વાસનો મત લેવાનો હતો ત્યારે યુપીએ અને એનડીએ બંને દ્વારા સંસદસભ્યોને ઓફર થઇ હતી.અને ભાવ લગાડાયો હતો રૂ ૪૦ કરોડ..એનડીએની સરકાર હતી ત્યારે તો સંસદસભ્યોને ખરીદતા અને વેચાતા મે નજરોનજર જોયા છે.એવુ પપ્પુ યાદવ કહે છે.સંસદસભ્ય અનવરુલ હકને એક કરોડ રુપીયા અને એક એન્સન્ટ કાર એનડીએ દ્વારા આપવામાં આવી હતી.નાગમણિએ હા પાડી કે તરતજ તેને એક કરોડ રૂપિયા આપી દેવાયા હતા. અને રાજ્યકક્ષાના પ્રધાન બનવાનું પણ વચન અપાયું હતું.પી.સી. થોમસ અને સુખદેવ પાસવનને પણ તગડી ઓફર થઇ હતી. પપ્પુ યાદવે મોટો ધડાકો તો એમ લખીને કર્યો છે કે એનડીએના શાસનમાં સંસદસભ્યોનું ખરીદ વેચાણનું પેમેન્ટ ખુદ એનડીએના પ્રધાન યશવંતસિંહાએ સંભાળ્યું હતું.પપ્પુ યાદવે આ વાત કરી કે તરતજ યશવંતસિંહાએ કહ્યું કે સાવ કચરા જેવી આ વાત છે. આ વાતનો જવાબ પણ ન આપવો જોઇએ. હજુ બુક રીલીઝ થાય એ પહેલાં આટલો હોબાળો થયો છે તો હવે તો શું થશે એ વિચારવા જેવુ છે.જોઇએ હવે પપ્પુ યાદવ પોતાની આત્મકથામાં કોના કોના કપડાં ઉતારે છે.

પપ્પુ યાદવ બિહારનો માફિયા ડોન છે.પોતાની સામે પોલીસ ચોપડે કેટલા ગુના નોધાયેલા છે એ કદાચ પપ્પુ યાદવ ખુદને ખબર નહી હોય.અત્યાર સુધીમાં જુદા જુદા કેસમાં અને અલગ અલગ જેલમાં પપ્પુએ દસ વર્ષ કરતાં વધુ સમય વિતાવ્યો છે.જો કે કોઇ જેલ તેને લાંબો સમય પુરી શકી નથી.કોઇને કોઇ રીતે તે જેલમાંથી છુટી જાય છે.પપ્પુ યાદવ વિશે એવું કહેવાય છે કે એની સામે જે પોલીસ કેસો નોંધાયા છે તેના કરતાં જે નહી નોધાય તેવા કેસોની સંખ્યા અનેકગણી વધારે છે. કોની ત્રેવડ છે કે પપ્પુ સામે ફરિયાદ નોધાવે ?જેને જીવ વ્હાલો હોય એ માણસ જ આવી હિંમત કરી શકે.પપ્પુ યાદવનું સાચુ નામ રાજેશ રંજન છે.પણ આ નામે એને બિહારમાં પણ કદાચ કોઇ ન ઓળખે.પપ્પુના જન્મની સાછી તારીખ પણ નથી.૧૯૬૧મા કે ૬૨માં એક ખેડુત પરિવારમાં જન્મેલો પપ્પુ પહેલેથી જ બળીયો હતો.એને બચપણથી બધા રોબિનહુડ કહેતા.ગમે એને મારી લેતો, તેનું બોડી જ પહેલવાનને આંટી દે તેવુ હતું.પપ્પુ ચાર વખત લોકસભાની ચુંટણીમાં ઝળહળતી જીત મેળવીને સંસદમાં ગયા છે.ચારેય વખત અલગ અલગ પાર્ટીમાંથી.એક વખત લાલુપ્રસાદની રાષ્ટ્રીય જનતાદળ,એક વખત મુલાયમસિંહની સમાજવાદી પાર્ટી,એક વખત રામવિલાસની એલજેપી અને એક વખત અપક્ષ લડીને આ મહાશય સંસદમાં પહોચ્યા છે.

છેલ્લી ચુંટણી તેઓ લડી શક્યા ન હતા, તેનું એ કારણ હતું કે સીબીઆઇની અદાલતે એક મર્ડર કેસમાં પપ્પુને આજીવન કેદની સજા ફરમાવી હતી.૧૪મી જુન,૧૯૯૮ના રોજ સીપીઆઇએમના નેતા અને ટ્રેડ યુનીયન લીડર અજીત સરકારની બિહારના પુર્નીયા નજીક ગોળી મારીને હત્યા કરાઇ હતી.આ કેસ સીબીઆઇને સોપાયો હતો.આજીવન કેદની સજા પછી ઉપલી કોર્ટમાં જઇ પપ્પુ યાદવ બાઇજ્જત બરી થઇ ગયો હતો.પપ્પુ યાદવની પત્ની રંજિત યાદવ પણ સંસદસભ્ય રહીચુક્યા છે.એ વળી કોગ્રેસની ટીકીટ પર ચુંટણી લડીને જીત્યા હતા.રંજિત અને પપ્પુની લવસ્ટોરી પણ રસપ્રદ છે.રંજિત ટેનીસમાં સ્ટેટ ચેમ્પીયન હતી. એક વખત તેને ગ્રાઉન્ડમાં રમતી જોઇ પપ્પુ તેના પ્રેમમાં પડી ગયો,પછી એક પાગલ પ્રેમીની માફક તેની પાછળ ફર્યા કરતો રહ્યો.આખરે પંજાબી કુડી રંજિતે આ માફિયાના પ્રેમને કબુલી લીધો. આજ પણ કોઇ રંજિતને પુછે કે તને આ ખતરનાક આદમીમાં શું દેખાયું ? તો કહે છે કે બસ પ્યાર હો ગયો. રંજિતના વડવાઓ કાશ્મીરી પંડિત હતા.પછી તેઓએ શીખ ધર્મનો અંગીકાર કર્યો. પપ્પુ તેના પ્રેમમાં એવો પાગલ હતો કે એ રંજિત માટે શીખ ધર્મનો અંગિકાર કરવા પણ તૈયાર હતો.

પપ્પુ યાદવમાં જે કોઇ થોડો ઘણો સુધારો થયો એ રંજિતના તેના જીવનમાં આવવા પછી થયો છે.આમ છતાં પપ્પુ પુરેપુરો ક્યારેય સુધર્યો જ ન હતો.અને ક્યારેય સુધરવાનો પણ નથી.હજુ એનું મગજ ફટકે ત્યારે એ ગમે તે કરી બેસે છે.આ બધાની વચ્ચે એ પોતાના મતદારોમાં પાછો લોકપ્રિય પણ છે.તેના ઘણા કારણો છે.એમાં જો કોઇ પ્રાઇમ રીઝન હોય તો તો એ છે એની ધાક. હુકમ એટલે હુકમ.એનો આદેશ કોઇ ઉથાપી ના શકે.એટલે એ ધારે તેમ થાય છે.સરકારી અધિકારીઓ પપ્પુનું નામ પડે એટલે તરતજ કામ કરી આપે છે.જો કામ ન કરે તો આવી બને.તે બધા સાથે સતત સંપર્કમાં પણ રહે છે.

પપ્પુ યાદવને માટે જેલમાં પણ મહેલ જેવી સગવડો હોય છે. બિહારમાં ગમે તેનું રાજ હોય, પપ્પુની પુંગી વાગતી જ રહે છે.આ પપ્પુની આત્મકથામાં સામાન્ય લોકોથી માંડીને મીડીયા સુધી બધાને રસ છે.અલબત્ત લોકો તેની આત્મકથા કેટલી ગંભીરતાથી લેશે એ સવાલ છે. આત્મકથામાં કેટલું સાચું અને કેટલું ખોટું એ નક્કી કરવું અઘરુ છે.ભલે પોતે ખુંખાર ગુંડો હોય, સરવાળે તો પોતે ગરીબોનો સાચો મસીહા હોય એવી છબી જ ઉભી કરવાનો પ્રયાસ કર્યો હશે.

આપણા દેશમાં આવા ક્રિમિનલોનો પણ ખોફનાક દબદબો હોય છે.એ પણ આપણી લોકશાહીની બલિહારી નથી તો બીજું શું છે ?

કૃષ્ણકાંત ઉનટકટ
(સૌ સંદેશ)

# મરીન કોર્ટ કેસ લંબાવવા સામે ઇટાલીનો વિરોધ



ઇટાલીએ તેના રાજદુત મારફતે મરીન કોર્ટ કેસમાં કાયદાકીય પધ્ધતિમાં લંબાણ ખેચાવા બદલ ભારત સરકાર સામે વિરોધ નોધાવવા જણાવ્યું હતું.ઇટાલીય મરીન્સ ઉપર ભારતીય માછીમારોની હત્યાનો આરોપ મુકાયેલ છે.જોકે ભારતે હાલમાં એવી ખાત્રી આપી છે કે આ ગુનેગારોને મોતની સજા કરવામાં આવશે નહી.

રાજદુત ડેનીયલ મેનકેનીને તાત્કાલીક ઇટાલીની સરકારે સલાહ પરામર્શ માટે ઇટાલીનું તાત્કાલિકનું તેડું મોકલ્યું હતું.વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટમાં થયેલ ડીલેને કારણે ભારત અને ઇટાલી વચ્ચેના સબંધોમાં ટેન્સન ઉભુ થયું છે.જે બે શીપના ક્રુ સભ્યો હતા તેઓ હાલમાં ઇટાલીની એલચી કચેરી દિલ્હીમાં આવેલ છે ત્યાં રહે છે.તેમના નામ પ્રમાણે મેસીમીલીયેનો અને સલ્વાડોર ગ્રોની છે.તેઓની ઉપર ભુલથી બે માછીમારો ઉપર ગોળીબાર કરીને મોત નિપજાવવાનો આરોપ છે.આ ઘટના ૨૦૧૨માં બની હતી.ભારત તરફથી કેસ ચલાવવાની બાબતે ઇટાલી નારાજ છે. તેઓએ એમ પણ કહ્યું છે કે તેઓ ઇન્ટરનેશનલ કોર્ટમાં પણ આ કેસ લડી લેશે,તેવું તેમના વિદેશ પ્રધાન ઇમ્મા બોનીનોએ કહ્યું હતું.ઇટાલીનો ઇરાદો તેમના આ બે નાગરિકોને ઝડપથી પોતાના દેશભેગા કરવાનો છે.સુપ્રીમ કોર્ટ દ્વારા નક્કી કરાયેલ શિડ્યુલ એકાએક બંધ રાખવામાં આવ્યું હતું કેમકે કાયદા વિભાગ તરફથી ક્યા કાયદા હેઠળ આ કેસ ચલાવવાનો છે તે નક્કી કર્યુ નથી.તેવું ઇટાલીયન મીડીયાનું કહેવું છે.બીજી મુદત ૨૪ ફેબ્રુઆરી છે ત્યારે ઇટાલીય સત્તાવાળાઓએ યુરોપીયન યુનીયન અને યુનોને આ કેસ માટે તૈયાર કર્યા છે.તેમનું માનવું છે આ કેસ ઇટાલીમાં ચાલવો જોઇએ.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્ક: જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬



| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી લોઇડભાઇ ક્રિશ્ચિયન, **જીવન સાહિત્ય ભંડાર,** શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮ **ઓલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,** શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ | શ્રી ભાઇલાલભાઇ ટેલર, પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨ શ્રી વિલિયમભાઇ ટી.પરમાર, નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨ શ્રી.એસ.કે અમીન, આશીર્વાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ |



તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.